**૦૬/૦૭/૨૦૨૧**

**પ્રતિ,**
**મહેરબાન પોલીસ કમિશ્નર સાહેબશ્રી,**
**સુરત.**

**વિષયઃ બાંધકામ ઉદ્યોગમાં થતાં અકસ્માત અંગે...**

મહાશય,

સવિનય સહ ઉપરોક્ત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, બાંધકામ ઉદ્યોગ હોય કે કોઈપણ ઉદ્યોગ હોય જેમાં અકસ્માતો થતાં જ હોય છે અને અકસ્માતમાં જાનહાનિ પણ થવા પામે છે. બાંધકામ ઉદ્યોગ પદ્ધતિ મુજબ ડેવલોપર્સે જમીનનો વિકાસ કરી બાંધકામ કરવાનો પ્રોજેક્ટ તૈયાર કરી લેબર કોન્ટ્રાક્ટર કે ટર્ન કી બેઝીસ ઉપર બાંધકામ કરવાનો કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપે છે અને તેના એગ્રીમેન્ટ પણ કરવામાં આવે છે. આવા કોન્ટ્રાક્ટર અલગ-અલગ કામ મુજબ પેટા કોન્ટ્રાક્ટરો રોકી કામ કરાવતા હોય છે. ઉપરોક્ત પદ્ધતિ મુજબ મોટા ભાગના પ્રોજેક્ટમાં કામ થતા હોય છે. હાલ લગભગ બધા જ કોન્ટ્રાકટરો દ્વારા શ્રમિકોના વિમા પણ લેવામાં આવતા હોય છે અને કોન્ટ્રાક્ટરો દ્વારા શ્રમિકોને સુરક્ષા(સેફ્ટી) માટેના જે કંઈ જરૂરિયાતનાં સાધનો હોય તેનો ઉપયોગ કરવાનું જણાવતા હોય છે અને તે મુજબ સુરક્ષા જળવાઈ રહે તે પ્રમાણે કામકાજ થાય તેની દેખરેખ પણ રાખતા હોય છે. પરંતુ કોઈક સંજોગોમાં કોઇ જગ્યાએ અકસ્માત થાય છે. જેમકે માટે ધસી પડવી, ઉપરના કોઈ માળ પરથી પડી જવું કે વગેરે અન્ય અકસ્માતો થાય છે જેમાં જાનહાની પણ થતી હોય છે. જાનહાની થાય તેવું કોઈ ડેવલોપર્સ કે કોન્ટ્રાક્ટર ઇચ્છતા હોતા નથી. હાનિ ન થાય તેની કાળજી પણ લેવાતી હોય છે.

તેમ છતાં કોઈ જયાએ કુદરતી કે કૃત્રિમ રીતે અકસ્માત થવા પામે છે. તે માત્ર એક અકસ્માત જ હોય છે, તેમાં કોઇ ઇરાદો હોતો નથી.

આપ સાહેબની વિદિત થાય કે તાજેતરમાં સુરતમાં બે ત્રણ આવા અકસ્માતોમાં પોલીસ દ્વારા જાણે ડેવલોપર્સે કે કોન્ટ્રાક્ટરે ઇરાદા પૂર્વક અકસ્માત કરાવી શ્રમયોગીઓના જાનને નુકસાન કરવાનો ઇરાદો હોય તેવી રીતે વર્તન કરી ખૂન કર્યા હોય તેવી શિક્ષાત્મક કલમોનો ઉપયોગ કરી

આકરી કાર્યવાહી કરી હોય તેવું અમોને જાણવા મળેલ છે. જો આમ જ થતું રહેશે તો બાંધકામ ઉદ્યોગમાં ગભરાહટ પેદા થશે અને નવા ઉદ્યોગ સાહસિકો ઉદ્યોગનો વિકાસ કરતાં અટકશે. જેનાથી શહેર અને ઉદ્યોગ ઉપર ખૂબ જ ગંભીર પરિણામ આવવાની શક્યતા છે.

જેથી અમો સંસ્થાની આપ સાહેબને માનસર અરજ છે કે આવા કેસોમાં અકસ્માત અંગેની તપાસ કરી યોગ્ય પગલાં લેવા જોઈએ; નહીં કે, ખુન કર્યા જેવી આકરી કલમનો ઉપયોગ કરવો. આવી કલમનો ઉપયોગ ન કરવા સૂચના આપવા મહેરબાની કરશોજી.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઈ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** |